જય શ્રી વેલાદાદા – વાલાદાદા

# આપણો ઈતિહાસ

આપણા પરિવારના પિતૃદેવનો ઈતિહાસ વૈઈવંચા પાસેથી મળેલ માહિતી તેમજ વડીલોના મુખે સાંભળેલ વાતોને ઈતિહાસરૂપી લેખમાં સમાવવામાં આવેલ છે.

આપણે મુળ આર્યો છીએ, આપણા પૂર્વજો મુળ પંજાબના રહેવાસી હતા, જેસલમેર નદીના કિનારે આવેલ રોહતગઢ ગામમાં ખેતી કાર્ય તેમજ પશુપાલન કરતા હતા. સાથે સાથે આપણા પૂર્વજો ખુબ જ સૂરવીર તેમજ બહાદુર હતા. તેમજ નિશાનેબાજીમાં પણ ખૂબ જ પારંગત હતા. સાથે શિવ ભકત પણ ખરા. અને આ શૂરવીરતાને લીધે જ પટેલાઈનો તાજ પણ મળેલ ત્યારથી સમગ્ર જ્ઞાતિ પટેલ તરીકે ઓળખાવા લાગેલ.

પિતૃદેવ વેલાદાદાના નામથી વેલાણી તથા વાલાદાદાના નામથી વાસાણી પરિવાર તરીકે પ્રચલિત થયા.

આપણી જ્ઞાતિની કુલ બાવન શાખાઓ ગોત્રને આધારે આવેલ છે. તે મુજબ વેલાણી પરિવાર (વેલાદાદા) મુળશાખા મુંજાત, ગોત્ર અસિતઋષિ તથા વાસાણી પરિવાર (વાલાદાદા) મુળ શાખા શાકરીયા, ગોત્ર શ્રૃંગીઋષિ આવેલ છે.

એમ કહેવામાં આવે છે કે વેલાદાદાની એક બહેન આઈ રંગાઈ હતા. જેમના પુત્ર વેલાબાપા અને પુત્રી સતી માનબાઈ હતા. અને તે મુજબ વેલાદાદા અને વાલાદાદા મામા ભાણેજ થાય.

આ સમય દરમ્યાન ભારત દેશમાં મોગલોનું શાસન હતું. તેથી હિન્દુઓ ઉપર વધારે જુલમ થાય તે સ્વાભાવિક હતું. પંજાબમાં પણ હિન્દુઓ પર જુલ્મ ગુજારવામાં આવતા હતા. તેથી બાપાશ્રીએ વિચાર્યું કે દેશના કોઈ અન્ય સ્થળે સ્થળાન્તર કરવું જોઈએ જયાં શાંતિથી જીવન નિર્વાહ કરી શકાય.આમ વિચાર કરતા ગુજરાત પ્રદેશ પર ધ્યાન જતા ઈ.સ.૧૫૯૮માં લગભગ ૩૨ પરિવારો વેલાબાપાની આગેવાની હેઠળ પંજાબ મુકી ગુજરાત સ્થળાન્તર કરેલ. અમદાવાદની બાજુમા આવી સ્થાઈ થઈ ખેતી કરવા લાગ્યા.અહીં પણ મોગલો નું શાસન હોવાથી તકલીફ તો હતી જ. સાથે સાથે ઉપરા ઉપરી દુષ્કાળ પડયા, જેથી ફરી એક વખત સ્થળાન્તર કરવાનું વિચારવું પડયું. આ સમય દરમ્યાન જ વેલાબાપાને શિવજીએ સ્વપ્નમાં આદેશ આપ્યો કે તમો મા ઉમાન ભુલી ગયા છો, તમો મા ઉમાની શરણે જાઓ. અને મા ઉમાની શરણે જતા મા એ જીવન રાહ બ તાવ્યો અને વચન માંગવા કહયું ત્યારે અંગત સ્વાર્થ –મુકિત કે મોક્ષ ન માંગતા સમગ્ર સૃષ્ટિના પ્રાણીમાત્રને ધ્યાનમા રાખીને દુષ્કાળ હોવાથી વરસાદ અને વાવણી કરવા માટે કણ (અનાજ) માગ્યા.જે કણ વાવણીના ઉપયોગમાં લેવામાં આવે તો બી કહેવાય અને તે મુજબ જ કણ+બીળ =કણબી શબ્દ પ્રચલિત થયેલ. પટેલાઈ તો પહેલાથી જ હતી તેથી જ આપણે કણબી પટેલ કહેવાણા.

મોગલોના શાસનથી ત્રાસિત થયેલ હોવાથી આ વખતે કોઈ હિન્દુ શાસિત રાજયમા સ્થળાન્તર કરવાનું વિચારેલ અને કચ્છમાં હિન્દુરાજાનું શાસન છે તેવું જાણવા મળેલ. અને કચ્છ બાજુ આવવા રવાના થયેલ. ઈ.સ. ૧૬૧૦માં ભચાઉ ગામની ભાગોળે આવી પહોંચ્યા અને ત્યાંના ધરાસદારન મળ્યા અન વિગતવાર બધી જ આપવીતી કહી સંભળાવી તેથી હમદર્દી દાખવતા ખેતી માટે જમીન આપી અને ભચાઉની બાજુમાં શીકરા ગામ વસાવેલ અને શાંતિથી જીવન નિર્વાહ કરતા હતા.

આ સમય દરમ્યાન એક દિવસ દરબારોના છોકરાઓ નિશાનબાજીના ખેલ ખેલતા હતા પરંતુ તેમનાથી નિશાન નહિં લાગતા દાદાએ એ નિશાન તાકી બતાવેલ. આ વાતની જાણ ગામના દરબારો સુધી પહોંચી અને દરબારોએ દાદાની પરીક્ષા લેવાનું નકકી કરેલ. તે મુજબ શ્રી વેલાદાદાએ આઈ રંગાઈના માથા ઉપર સોપારી રાખીને નિશાન તાકી બતાવેલ. તેમજ વાલાદાદાએ બેન માનબાઈ સતીના કાનની રીંગમા કપાસના પુમડા ભરીને નિશાન તાકી બતાવેલ. બન્ને મામા–ભાણેજની નિશાન બાજી તથા વિરતાથી દરબારોમાં ગભરાટ ફેલાઈ ગયેલ તેઓ વિચારવા લાગ્યા કે આ પટેલો જો અહીં રહેશે તો આપણા શાસન માટે અનુકુળ રહેશે નહિં અને ભવિષ્યમાં આપણું

રાજય જુટવી નહિં લે તેની શું ખાત્રી, આ વિચારી પટેલોને અહિંથી કેમ હાંકી કાઢવા તેની યોજના બનાવવા લાગ્યા, આ બાબતમાં તેમના સંબંધીઓ જે કચ્છના ગામ લાખાડીના દરબારોની સહાય લેવાનું નકકી કરવામાં આવ્યું અને યોજના મુજબ દરબારોએ લુંટારાઓથી સમજોતો કરીને ગામની ગાયો હાંકી જવાની યોજનાને અમલમાં મુકી. સાંજ સુધીમાં ગામની ગાયો ઘરે પાછી નહિં આવતા આ વાતની જાણ થતા વેલાદાદા – વાલાદાદા ગાયોની વહારે થયા. જેવા દાદા રવાના થવા ગયા ત્યાં માતાજીએ પુછયું કે તમે તો ફકત મામા – ભાણેજ જ છો, જયારે લુટારા તો ઘણી સંખ્યામાં હશે તો શું થાશે ? દાદાએ હિંમત આપતા કહયું અમોને કાંઈ નહિં થાય, અગર અમોને કાંઈ પણ થાશે તો અગર વીરગતિ પામીશું તો નિશાન આપીએ છીએ તે ઘટનાઓ ઘટશે. તમારો ચુડલો ભાંગશે, ઘરનો મોભ ભાંગશે, ઘોડી પાછી ઘરે આવશે, ઘંટીના પડ તૂટશે. આવી નિશાની આપી બન્ને દાદાઓએ વિદાય લીધી અને તપાસ કરતાં કરતાં પશ્ચિમ બાજુ દેશલપર આવ્યા, ત્યાં સમાચાર મલ્યા કે ધ્રબુઆ ડુંગર પાસે ગાયો આવેલ છે. બન્ને દાદાઓ ત્યાં પહોંચ્યા તથા ધિંગાણું ખેલાણ અનેક લુંટારાઓને કાપી નાખ્યા, અનેક ભાગી ગયા તથા અનેક શરણે આવ્યા, અને સમજુતી કરવામાં આવી, લુંટારાઓએ કહયું કે અમો એતો દરબારોના કહેવાથી ગાયો હાંકી કાઢી હતી માટે અમોને માફ કરો. સમજુતી થતાં કસુંબાની મહેફીલ થઈ પરંતુ તેજ વખતે હજામ અને લંગાએ પાછળથી વાર કર્યા અને દાદા ને સુરાતન ચડતા હાથમાં તલવાર લઈ ઘણાંને મારી નાખ્યા, દાદાઓ પણ ઘાયલ થઈ ગયા હતા. ત્યારે એક રબારી ભાઈએ પાણી આપ્યું અને આમ દાદાઓ વીરગતિને પામ્યા. ત્યાંથી ઘોડી શિકરા પાછી પહોંચી તેમજ દાદાએ બતાવેલ અન્ય નિશાનીઓ સાચી થવાથી ગામમાં સૌ ચિંતામાં પડી ગયા. આ બાજુ ગાયોની વહારે પાછળથી ગયેલ અન્ય માણસો પણ પહોંચી ગયેલ તેઓ ગાયો તેમજ મામા–ભાણેજને શિકરા ગામે લાવ્યા અને ત્યાં મામા–ભાણેજને સમાધી આપવામાં આવેલ અને ત્યાર પછી આપણા બધા ભાઈઓ શિકરા ગામ છોડી ત્યાંથી નિકળી જવાનું વિચાર્યુ.

ત્યાંથી નિકળી સૌ પ્રથમ માનકુવા ગામે આવેલ અને પાછળથી કચ્છના અન્ય સ્થળોએ ખેતી લાયક જમીન મળતા ઠેર ઠેર ખેતી કરવા લાગ્યા.

વિક્રમ સંવત ૧૬૯૦ ભાદરવા વદ ૧૪ ના દિવસે પૂ. દાદા વિરગતી પામ્યા. ઘવાયેલી જગ્યાએ ધ્રબુઆ ડુંગર પાસે એક પૂ. દાદાનું સ્થાનક બનાવવામાં આવ્યું જયાં દર વર્ષે પૂ. દાદાની તિથિ ઉજવવામાં આવે છે.

શિકરા ગામની પશ્ચિમ દિશાએ એક તળાવ છે વેલાસર તળાવ તે પૂ. દાદાએ બંધાવેલ છે તથા શિકરા ગામની ભાગોળે પૂ. દાદાનું મંદિર બાંધવામાં આવેલ છે. જે પૂ. દાદાની યાદ અપાવે છે.

પૂ. દાદા આપણા પરિવાર તેમજ સમસ્ત સમાજની ચડતી કરે પૂ. દાદાની જય હો.